# માણસ બધા સરખા જ....

**–ચેતન શાહ** (ઓસ્ટ્રેલીયા)

## (1) ઓસ્ટ્રેલીયા

એક વાર હું સીડનીથી મેલબર્ન ટ્રેનમાં જતો હતો. સાથે મારો પરીવાર પણ હતો. બાજુમાં એક સાંઠેક વર્ષની ગોરી મહીલા બેઠી હતી. પ્રવાસ 10 કલાકનો હતો - સવારના નવથી રાતના સાત. મારી ટેવ પ્રમાણે સહપ્રવાસી તરીકે મેં તે મહીલાનું અભીવાદન કર્યું અને હવામાન તથા આમતેમની હળવી વાતો કરી. ગોરાઓની વીવેક કરવાની આ પદ્ધતી છે. આવા અભીવાદન પછી લગભગ તેઓ વ્યક્તીગત વાત કરવાનું ટાળે છે.

ભારતમાં આથી સાવ જુદું. લોકો એકબીજાને બહુ જ આસાનીથી પોતાના જીવનની અંગત બાબતો, જેમ કે પરીવારના બધા સભ્યો વીષેની વાતો, પોતાના નોકરી ધંધાની વાતો, પોતાની તબીયત, તકલીફો અને શોખ વગેરે ઘણુંબધું કહી દે અને સામેવાળાનેયે શરમાયા વીના બધું પુછી લે.

મારી સમજ પ્રમાણે આમાં આ કે તે, કોઈ એક પદ્ધતી સાચી કે ખોટી નથી. મેં એમ જોયું છે કે ગોરાઓ કુદરતી રીતે એકલા–અટુલા થવાનું–રહેવાનું પસંદ કરે છે; જ્યારે ભારતીયોને એકબીજા સાથે સંકળાઈને રહેવાનું ગમે છે.

પણ આ પ્રવાસમાં મારાં આ મહીલા સહપ્રવાસી આ નીયમનો અપવાદ નીકળ્યાં! તેણે તો જે વાત કરવાનું શરુ કર્યું તે, ટ્રેનની જેમ નોન-સ્ટોપ ચાલ્યું! તેનું નામ, તેનું મુળ આયર્લેન્ડનું એક ગામ, તેનો પહેલો પતી, પછી ઓસ્ટ્રેલીયા દેશાંતર, તેનાં બીજાં લગ્ન, મોટાં થયેલાં બાળકો વીષેની સઘળી વીગતો વગેરે ઘણું બધું બોલી ગઈ. હું પણ વાત કરવાનો શોખીન. એટલે મારા વીષે, મારા પરીવાર અને નોકરી–ધંધા વીષે બોલતો ગયો. મારી પત્ની અને અઢાર વર્ષની અમારી દીકરી બાજુમાં જ બેઠાં હતાં; પણ તે બન્ને આ ગપ્પાંગોષ્ઠીમાં થોડાં ઓછાં રત હતાં. તેથી તે બે મા–દીકરીએ તો મૌન જ જાળવ્યું.

અમારા પહેલાં ગોરીનું ગામ આવ્યું અને તે કોઈ જુના મીત્રથી છુટી પડતી હોય તેમ, ‘બાય બાય’ કરી ને ઉતરી!

ત્યારે મને થયું કે હું શાકાહારી અને તે ગાયનું માંસ ખાનારી, હું ટીટોટલર (teetotaller) અને તે દારુ પીનારી, હું વૈષ્ણવ અને તે ખ્રીસ્તી, હું ભારતીય અને તે આયરીશ ઓસ્ટ્રેલીયન, હું ઘઉંલો અને તે ગોરી – બોલો, કોઈ મેળ હતો? અને તોય અમે કલાકો વાતો કરી શક્યાં અને હું સમજી શક્યો કે :

મનુષ્યનું મન ઉંડે ઉંડે તો બધાંનું એક સરખું જ હોય છે.

## (2) સાઉદી અરેબીયા

હું સાઉદી અરેબીયાના રીયાધ શહેરમાં કામ કરતો હતો અને પરીવાર સાથે રહેતો હતો. લગભગ નવ વર્ષ આ મુસ્લીમ આરબ દેશમાં રહી મેં કામ કર્યું, તેમના ધર્મનો વર્ષો સુધી અને ઉંડો અભ્યાસ મેં કર્યો, ઘણા કારોબારી સહયોગીઓ અને મીત્રો બનાવ્યા, તેમની ખાણીપીણી અને સામાજીક રીતીરીવાજો સમજવાનો પ્રયત્ન કર્યો, તેમની ભાષા પણ થોડી થોડી શીખી લીધી.

મોટા ભાગના લોકો, જે આ દેશ સાથે બહુ પરીચીત નથી; તેઓ એમ માને છે કે સાઉદી લોકો ધર્માન્ધ, અતી શ્રીમંત, જાહેરમાં હાથ કે માથું કાપવાની સજામાં માનવાવાળા, સાવ જુનવાણી અને સ્ત્રીઓનું શોષણ કરવાવાળા છે. માત્ર ભારતમાં જ નહી; પરંતુ વીશ્વભરમાં આ દેશ સાચાં કે ખોટાં કારણોસર ઘણો બદનામ છે.

મારું કામ કોર્પોરેટ બેન્કીંગનું હોવાથી મારી મુલાકાતો ત્યાંની કંપનીઓના માલીકો અને વરીષ્ઠ અધીકારીઓ સાથે થતી. ઓફીસમાં કામ કરતા સાઉદી સ્ત્રી પુરુષો જોડે પણ કામ વીષે અને લંચ ટાઈમમાં કે કોફી પીતાં, બીજી સામાજીક કે પારીવારીક ચર્ચાઓ થતી. એમ કહી શકાય કે સાઉદી સમાજના ટોચ પરના તબકાના આ સૌ લોકો હતા. બધા ભણેલા હતા અને કોઈ કોઈ અમેરીકા કે યુરોપમાં ભણેલા હતા. તેમના વ્યવહારની અમુક ખાસીયતો મને ખાસ નજરે ચડતી. પ્રત્યેક વ્યક્તી અતીવીવેકી વર્તન કરતી. મેં કોઈ બે સાઉદીને ઓફીસમાં, પાર્કીંગમાં, રેસ્ટોરન્ટમાં કે બહાર જોરજોરથી ભાંડતા–ઝઘડતા જોયા નથી. દરેક વ્યક્તી દીવસમાં પહેલી વાર મળે એટલે

'સલામ આલેકુમ' અને વળી ઈંગ્લીશમાં 'હાવ આર યુ?' અચુક કહે. લીફ્ટમાં પણ અજાણ્યા ભેગા થાય એટલે એકબીજાને 'સલામ આલેકુમ' કહે જ.

જો બે જણ એકબીજાને સારું જાણતા હોય, જેમ કે સાથે કામ કર્યું હોય કે પહેલાં એકબીજાને ઘરે જઈ આવ્યા હોય તો, અચુક હળવું આલીંગન કરે અને ગાલે ગાલ અડાડીને ચુંબન કરે. જોજો, ભળતું ના વીચારતા. પુરુષો પુરુષોને, સ્ત્રીઓ સ્ત્રીઓને આલીંગે; પણ પુરુષો અને સ્ત્રીઓ એકબીજાને સ્પર્શ પણ ન કરે. તેમનો ખોરાક લગભગ માંસાહારી - વળી તેમાં સુવરને છોડીને ઘણા પ્રકારનાં પ્રાણીઓ જેમ કે ગાય, બકરી, મરઘાં, માછલી આવે.

મારો બેન્કમાં પહેલો પગાર થયો ત્યારે સેક્રેટરી મને કહે, '*સર, આપણે રીવાજ છે કે બૉસનો પહેલો પગાર થાય ત્યારે, તે આખો ભુંજેલો બકરો ઓર્ડર કરે અને સૌને મીજબાની કરાવે.*' તમે ન માનો પણ હું આ બેન્કનો પહેલો હીન્દુ શાકાહારી બોસ હતો. હું વૈષ્ણવ. મનમાં વીચાર થાય કે મારે બકરાના મૃત્યુનું કારણ શું કામ બનવું? હું પોતે શાકાહારી હોઉં, તો મારે શા માટે કોઈને બકરાની ઉજાણી આપવી? દ્વીધા એ હતી કે જે લોકોને હીન્દુ ધર્મ કે શાકાહારી પદ્ધતી વીષે જરા પણ સમજ નથી, તેઓને હું જો ના પાડીશ તો મને કંજુસ કે જીદ્દી સમજશે અને ભારતીય રેસ્ટોરન્ટમાંથી મંગાવીને શાકાહારી પાર્ટી આપીશ તો તેઓ ખાઈ નહીં શકે! મારી લેબનીઝ સેક્રેટરી ઘણી હોશીયાર, અમેરીકામાં રહેલી અને 'યોગા' કરનારી હતી. તે મારી વાત સમજી. તે મને કહે કે, '*ઠીક, તો પછી પાર્ટી કેન્સલ. હું બધાને સમજાવી દઈશ.*'

પછી મેં એક વૈષ્ણવ તરીકે નહીં; પણ એક સીઈઓ તરીકે વીચાર્યું કે, અહીં હું મારી બેન્કને સફળ બનાવવાના ઉદ્દેશ્યથી આવ્યો છું અને આ મારા માણસો, તે કામના પાયારુપ છે, તેમને નજીક લાવવાનો આ એક સારો મોકો છે. મેં સેક્રેટરીને કહ્યું : '*તું બેન્કના પૈસા વાપરીને બકરાની પાર્ટી અરેન્જ કર અને મહીનાના અંતે તે મારા પગારમાંથી કપાવી લેજે. (મારા મનની શાન્તી માટે કે હું પોતે ઓર્ડર નથી કરતો.)*' આ સમયને પાંચ વરસ ફાસ્ટ ફોરવર્ડ કરીએ તો, આ ગાળામાં મારે મારી બેંકના ગ્રાહક ઘણા સાઉદીઓ સાથે મૈત્રીપુર્ણ સંબંધો બંધાયા. આવો મૈત્રીભાવ રાખીને તેમની સાથે કામ કર્યા પછી અને મારાં જીવનમુલ્યો અને રહેણીકરણીથી તેઓ વાકેફ થયા પછી; મારા ઘણા સાઉદી સહકર્મીઓ આંશીક રીતે શાકાહારી બની ગયા.

બીજો એક નાનો કીસ્સો. મારી એક ક્લાયન્ટ કંપની દવાઓનું ડીસ્ટ્રીબ્યુશન કરે. તેના માલીકો - 6 ભાઈઓ ડૉક્ટર, સર્જન અને ફાર્માસીસ્ટ જેવી ડીગ્રી ધરાવે. તેમની સાથે જોઈન્ટ

વેન્ચર કરવા એક મોટી અમેરીકન કંપનીના ઓફીસરો આવેલા. સાથે જમતા જરા હળવી વાતો ચાલતી હતી. એક અમેરીકન ગૌમુત્રના ઔષધીય ગુણોના મુદ્દે ભારતીય પરંપરાની મશ્કરી ઉડાવતો હતો. તેને પાકી ખબર નહીં કે, હું ભારતીય છું. આ છ ભાઈઓને મારા માટે ઘણું માન - મારી નાણાકીય સલાહ પ્રમાણે ચાલે. સૌથી મોટો ભાઈ કે જે અમેરીકામાં સર્જન બનીને આવેલો તે પેલા ને કહે, '*અમે નાના હતા ત્યારે માથામાં જુ થાય તો અમારી દાદી અમને 'ઉંટના મુત્ર'થી માથું ધોઈ આપતી. ઘણી વાર ચામડીના જક્કી રોગો થાય અને મટે જ નહીં; તો અમે 'ઉંટના મુત્ર'થી ચામડી ધોતા અને કોઈ કોઈ વાર અમે 'ઉંટનું મુત્ર પીતા પણ.*' અમેરીકન તો સાઉદીઓ સાથે ધંધો વીકસાવવા આવેલો, તેણે તરત આયુર્વેદ અને દેશી સુઝબુઝના ગુણગાન ગાયા.

આ છ ભાઈઓ મને જ્યારે મળે ત્યારે સાઉદી રીત પ્રમાણે મને આલીંગે અને ગાલવાળું ચુંબન કરે (જે મારે પણ પાછું વાળવાનું!) તેઓ મને કહે 'યા અખ શીતાન' (એટલે કે 'આવ ભાઈ ચેતન' - પણ મારું નામ બરાબર ન ઉચ્ચારી શકે); એટલે હું ટકોર કરું 'અના મુ શૈતાન' (હું શૈતાન નથી!).

સાવ વીરોધી ભાસતી સંસ્કૃતી અને ધર્મના માણસો પણ; પરસ્પરના માન, વીશ્વાસ અને મૈત્રીના પાત્ર બની શકે છે અને સાથે જમી, રમી, હસી શકે છે.

કારણ... 'માણસ બધા જ સરખા..'

## (3) ડર્બન

હું ઘણા દેશોમાં ફર્યો કે રહ્યો; પણ સાઉથ આફ્રીકા ગયો જ નહોતો. આખરે 2018ના અંતમાં મારે એક ધંધાકીય કામ માટે ડર્બન જવાનું થયું. મુંબઈથી દુબઈની ફ્લાઈટ હતી.

ડર્બનના નાનકડા, ભીડ વીનાના એરપોર્ટ પર ઉતર્યા. 'ગોરા' ઓફીસરો પાસે કસ્ટમની વીધી પતાવી. બહાર નીકળ્યા ત્યાં એક લાંબી લાઈન હતી તેમાં જોડાયા. ત્યાં તો 4-5 ગોરા, પડછંદ પોલીસ ઓફીસરો હાજર થયા. તેમની પાસે ડ્રગ પકડવા માટે ટ્રેઈન્ડ કરેલા કુતરા હતા. અમારા બધાના લગેજ, તે કુતરાઓએ એક પછી એક સુંઘ્યાં. આ વીધી પતાવીને આખરે

એરપોર્ટની બહાર નીકળ્યા ત્યાં અમારો 'કાળો' ડ્રાઈવર તેની ગાડી અને સ્મીત સહીત હાજર હતો. તે અમારી હૉટેલની દીશામાં હંકારી કરી રહ્યો હતો.

હવે તમને લાગશે અત્યાર સુધીમાં મેં ત્રણ વાર મનુષ્યોની 'ગોરી' કે 'કાળી' ચામડીનો ઉલ્લેખ કર્યો. પશ્ચીમી સભ્યતામાં તો આવું લખવું અમાન્ય છે. તેમના મન પર, 'ગોરા'ઓ દ્વારા 'કાળા' લોકો પર થયેલા અન્યાયનો બોજ એટલો બધો છે કે, આધુનીક સમયમાં સામાજીક શીષ્ટતાના નવાં પરીમાણો ઉભાં થયાં છે. પણ વર્ણના ઉલ્લેખ વીના મારી વાત અધુરી રહેશે અને મારો એવો કોઈ હેતુ નથી કે ચામડીના રંગ પરથી કોઈ મનુષ્યની લાયકાત નક્કી કરું.

અમારી હૉટેલ ડર્બનના 'અમશલાન્ગા' દરીયા કીનારે હતી. આ વીસ્તાર ઘણો ધનાઢ્ય અને ફેશનેબલ છે. એરપોર્ટથી અમશલાન્ગા જવાનો મહામાર્ગ સુંદર હતો. બંને તરફ હરીયાળી હતી. કોઈ વસ્તી દેખાતી નહોતી. જાણે કોઈ ધનાઢ્ય દેશમાં આવી પહોંચ્યા હોય તેવો ભાસ થતો હતો. 'ભાસ થતો હતો' શબ્દો એટલા માટે વાપરું છું કે સાઉથ આફ્રીકાની માથાદીઠ આવક દક્ષીણ અમેરીકાના ગરીબ ગણાતા પેરુ (Peru) જેટલી જ છે - લગભગ વર્ષે 13,000 ડોલર (આવકની ખરીદશક્તી પ્રમાણે)!

આખરે અમે અમારી હૉટેલ પર આવી પહોંચ્યા. રીસેપ્શન પર શ્યામવર્ણ સ્ટાફ હતો. અમને અને અમારા સામાનને રુમ સુધી પહોંચવામાં મદદ કરવા પણ શ્યામવર્ણ સ્ટાફ જ હતો. સૌ અતી સરળ લાગે અને પાછા હસમુખા. દરેકના ચહેરા પર એક જાતનો 'કુદરતી આનંદ' અને કોઈ 'અનન્ય સુંદરતા' ડોકાતી હતી. આવું મને ભારતનાં નાનાં શહેરોની હૉટેલોમાં જોવા મળ્યું છે - દા.ત. રાજસ્થાન કે પછી કેરલના કોઈ નાના શહેરમાં જઈએ તો ત્યાંનો સ્ટાફ આવો જ હોય.

બીઝનેસ મીટીંગ સવારે હતી એટલે હું અને મારા બે સાથીઓ આરામમાં હતા. એટલે અમે નક્કી કર્યું કે દરીયા કીનારે થોડી લટાર મારવી અને પછી ત્યાં આવેલી રેસ્ટોરન્ટની કતારોમાંથી કોઈ એકમાં જમવું. અમે સમુદ્ર કીનારા તરફ ચાલવા લાગ્યા. કીનારે આધુનીક, મોંઘા એપાર્ટમેન્ટ અને હૉટેલો હતી. સમુદ્ર કીનારે આનંદ લેતા લગભગ 90 ટકા લોકો ગોરા હતા.

સુંદર સુર્યાસ્તના દર્શન કરી અમે એક તુર્કી રેસ્ટોરન્ટમાં જમવા ગયા. તુર્કી ભોજનમાં વેજ, નોન-વેજ બંને સારી વરાયટી હોય છે. અંગ્રેજી મ્યુઝીક ધમધમતું હતું અને યુવાન લોકોની ભીડ હતી. લગભગ બધા 'કસ્ટમર' ગોરા હતા, હોટેલના 'મેનેજર' અને 'સુપરવાઈઝર' ગોરા હતા અને

બધા 'વેઈટરો' હસતા, ઉત્સાહી 'કાળા' હતા. ચારે તરફ પાર્ટીનું, આનંદનું વાતાવરણ હતું અને ભોજન ખુબ સરસ હતું.

રુમ પર પાછા આવીને થોડું લોકલ ટીવી જોઈને હું તરત સુઈ ગયો. સવારે હૉટેલની જ રેસ્ટોરન્ટમાં નાસ્તો કરવા ગયા, ત્યાં વળી નજરે ચડે કે 'નેવું ટકા મહેમાનો ગોરા' અને બધો જ 'સ્ટાફ કાળો'! ખેર, અમને અમારી મેજબાન કંપનીનો ગોરો વાઈસ પ્રેસીડન્ટ ગાડીમાં લેવા આવ્યો અને અમે તેની ફેક્ટરી તરફ પ્રયાણ કર્યું. વળી કોઈ સુંદર એક્સપ્રેસ વે, બંને તરફ હરીયાળી, કોઈ વસ્તી દેખાય નહીં, અને છેલ્લે, સુંદર ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ફેક્ટરી અને ઓફીસ. ફરી પાછું એનું એ જ : ઓફીસમાં કામ કરનાર 'સીઈઓ'થી માંડીને 'સેક્રેટરી' એમ દરેક વ્યક્તી ગોરી અને નીચે 'વર્કશોપમાં પસીનો પાડતા' લોકો કાળા.

ઑફીસના કામમાં દીવસ પુરો થયો અને અમે પાછા હૉટેલ તરફ વળ્યાં. છએક વાગે રસ્તા પર કાળા સ્ત્રી-પુરુષોથી ભરેલી ખુલ્લી બારીની બસો જોઈ - આપણી AC વીનાની ગ્રામીણ પ્રદેશની એસટી બસો હોય તેવી જ. કંપનીના મેનેજર સાથે મારે જમવા જવાનું હતું. લોંજમાં બેસી મેં કૉફી મંગાવી. 'આફ્રીકન ઘટ્ટ વાંકડીયા વાળવાળી, શ્યામ અને સુંદર સ્મીતવાળી વેઈટ્રેસ' છોકરી આવીને મને કૉફી પીરસવા લાગી. મેં તેના યુનીફૉર્મના પર લખેલું નામ વાંચીને કહ્યું, 'કેમ છે, તાલીશા?' અને તે હસતી મારી સાથે વાતે વળગી. મેં તેને કહ્યું કે, '*મારી આફ્રીકાની આ પહેલી મુલાકાત છે અને મને અહીંના લોકોની 'સસ્મીત આગતાસ્વાગતા' બહુ ગમી.*' પછી તેની ભાષા કઈ, કેટલું ભણી, આફ્રીકન વાનગીઓ, વગેરે... અવનવી વાતો કરી. તેણે મને ભારત વીશે પુછ્યું. તે કૉલેજમાં ભણતી હતી.

આખરે ન રહેવાયુ અને મેં તેને પુછ્યું, ''*સાઉથ આફ્રીકામાં માત્ર **9** ટકા ગોરાઓ છે; પણ 24 કલાકના મારા અનુભવ પ્રમાણે મને એવું લાગે છે કે મોટા ભાગના 'માલીકો' અને 'મેનેજરો' ગોરા અને લગભગ બધા 'નોકરો' કાળા. આ શું સત્ય છે? તમે લોકો આટલા 'ખુશ' કઈ રીતે રહો છો?*'' તાલીશાએ કુદરતી હસતા જ મને કહ્યું, '*તમારું ઓબ્ઝર્વેશન સાવ સાચું છે; પણ ધીમે ધીમે કાળા લોકો ઉપર આવશે. અમે હસીએ છીએ; કારણ કે અમારા મનમાં કોઈ 'ક્રોધ' નથી.*' પછી અમે છુટા પડ્યાં અને હું કંપનીના ગોરા મેનેજર સાથે ડીનર પર ઉપડ્યો.

ગોરા મેનેજરનું નામ પૉલ. સજ્જન અને વીનમ્ર. અમે ફરી દરીયા કીનારાની બીજી રેસ્ટોરન્ટમાં પહોંચ્યા. ફરી તે જ વાત. બધા 'વેઈટરો કાળા, સુંદર, હસમુખ' અને 'માલીક–મેનેજર' ગોરા! ડીનર પત્યા પછી નીરાંતે ઘણી પર્સનલ વાતો પણ થઈ.

પૉલ મને કહે, *'તમે થોડાં વર્ષોથી ઓસ્ટ્રેલીયામાં સ્થાયી થયા છો. ત્યાં કેવું લાગે છે? મારા ઘણા મીત્રો અને સંબંધીઓ ત્યાં સ્થાયી થયા છે. મારી પણ ત્યાં દેશાંતર કરવાની ઈચ્છા છે; પણ મારી પત્ની માનતી નથી.'*

મેં કહ્યું, *'ઓસ્ટ્રેલીયા એક સુંદર અને વેલ-મેનેજ્ડ દેશ છે; પણ ત્યાં મોંઘવારી અને ટૅક્સ બહુ છે. તમને તો અહીં દરેક સુખ સુવીધા ઉપલબ્ધ છે. શા માટે જવા માંગો છો?'*

પૉલ કહે, *'રંગભેદની નીતીનો અંત 1993માં આવ્યો. 25 વર્ષ થયાં. અને આમ તો અહીં બધું શાંત છે; પણ અમને કાળા લોકોની ગુનાખોરીનો કે પછી સીવીલ વૉરનો ડર રહે છે. મોટા ભાગના સાઉથ આફ્રીકન ગોરાઓ ઑસ્ટ્રેલીયા જવાનું સ્વપ્ન જોતા હોય છે."*

હું વીચારમાં પડ્યો કે ક્યાં આ અકીંચન, શ્યામવર્ણ, સદાપ્રસન્ન 'તાલીશા' અને ક્યાં આ સમ્પન્ન, સલામત છતાં ગભરાતા, શ્વેતવર્ણ 'પૉલ'!

બંને સરખા જ 'મનુષ્ય' છે અને બન્ને 'સુંદર ભવીષ્ય'નું સપનું જુએ છે; પણ........

–ચેતન શાહ

(ખાસ 'સન્ડે ઈ.મહેફીલ' માટે સસ્નેહ આ લખાણ કરી આપ્યું, તે બદલ મીત્ર ચેતન શાહનો ખુબ ખુબ આભાર. ..ઉ.મ..)

સર્જકસમ્પર્ક :

Chetan Shah,

25, Three International Towers, 300 Barangaroo Avenue, SYDNEY, NSW 2000-AUSTRALIA
PHONE: +61 452027408 eMail : chetan_gshah@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 450-April 04, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,75,96,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,56,37,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,13,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,28,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@